## ૧૦ ભાત(પૅટર્ન)ની રમત

D4L2X2


**આપણી આજુબાજુની ભાત (પૅટર્ન)**


રોજબરોજના જીવનમાં આપણે ઘણી પૅટર્ન જોઈએ છીએ. ઉદાહરણ સ્વરૂપે, આપણે જોઈએ છીએ, જેમકે,

વાડનો તાર



બારીની જાળી





સાપ

તમારી આજુબાજુ જુઓ અને ત્રણ વસ્તુઓનાં નામ લખો કે જેમાં તમને પૅટર્ન જોવા મળતી હોય.


_____________ _____________ _____________


તમારી આસપાસ જોવા મળતી હોય તેવી પૅટર્ન તમે દોરો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નમસ્તે! હું પલ્લવી છું. હું જયપુરમાં રહું છું. મારું શહેર બ્લૉક પ્રિન્ટ કરેલાં કપડાં માટે જાણીતું છે. મારી માતાએ કરેલી કેટલીક બ્લૉક પ્રિન્ટની ભાત જુઓ.





બ્લૉકનો વારંવાર ઉપયોગ કરીને તે આવી ડિઝાઇનો બનાવે છે. એક દિવસે મેં બ્લૉક પકડીને સુંદર ડિઝાઇન બનાવી.



તમે જોશો કે એક જ બ્લૉકનો જુદી-જુદી રીતે ઉપયોગ કરીને આ બધી ડિઝાઇન બનાવી છે.


દરેક બ્લૉકમાં પૅટર્નનું પુનરાવર્તન થાય છે તે તમે જોઈ શકો છો?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## પેટર્નમાં ચિત્રો

P8I5Z4





મેં ચિત્રોની કેટલીક પેટર્ન બનાવી છે. મેં દરેક પેટર્ન માટે નિયમનો ઉપયોગ કર્યો છે.





આ પેટર્ન માટેનો નિયમ એ છે કે, દરેક બે છોકરા પછી એક છોકરી આવે. પછી તેનું પુનરાવર્તન થાય છે.






આ પેટર્નમાં એક તીર ઉપરની બાજુ છે અને એક તીર નીચેની બાજુ છે. પછી તેનું પુનરાવર્તન થાય છે.

### મહાવરો

- નીચે કેટલીક પેટર્ન આપેલી છે :
  દરેકમાંનો નિયમ શોધો અને પેટર્નને આગળ વધારો.


(૧) 


(૨)


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | અ | બ | અ | અ | બ | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


(૩) 


(૪) 


(૫) 

(૬) સવાર, બપોર, સાંજ, રાત, સવાર. ________........

## વિકસતી પૅટર્ન








શું તમે નિયમ જોઈ શકો છો? પૅટર્નને આગળ વધારી શકશો?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આ પણ કરો.







**મારી પોતાની પૅટર્ન**

◆ અહીંયા આપેલ જગ્યા તમારી પોતાની પૅટર્ન બનાવવા માટે છે.

(૧)

(૨)

(૩)

(૪)

◆ તમે બનાવેલી પૅટર્નને આગળ વધારવા માટે તમારા મિત્રને કહો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

I9F3H8

## અંક-પૅટર્ન

આપણે ચિત્રોની કેટલીક પૅટર્ન બનાવી છે. આપણે અંકોની પૅટર્ન પણ બનાવી શકીએ. જેવી કે, ૨૧, ૪૧, ૬૧, ૮૧, ૧૦૧,....

તમે હવે પછીની ક્રમિક સંખ્યા જાણો છો ખરું ને?

આ સતત વિકસતી પૅટર્ન છે. તે સતત આગળ ને આગળ વધી શકે છે.

૨૧, ૪૧, ૬૧, ૮૧, ૧૦૧, ૧૨૧, ૧૪૧, ૧૬૧,....

(અ) નિયમો ઓળખો અને વિકસતી પૅટર્નને આગળ વધારો :

(૧) ૫૧, ૫૬, ૬૧, ૬૬, ________, ________, ..................

(૨) ૭, ________, ૨૧, ૨૮, ૩૫, ________, ..................

(૩) ૨, ૪, ૮, ૧૬, ૩૨, ________, ________, ________

(૪) ૧૨ક, ૧૩ખ, ૧૪ગ, ________, ________

(બ) નીચેની વિકસતી પૅટર્ન જુઓ. ક્રમિક સંખ્યા શોધવા માટે દરેક સંખ્યામાં કઈ સંખ્યા ઉમેરવી પડશે?

(૧) ૧, ૩, ૬, ૧૦, ______, ______, ______, ______, ______

(૨) ૦, ૨, ૬, ૧૨, ______, ______, ______, ______, ______

(૩) ૧, ૩, ૭, ૧૩, ______, ______, ______, ______, ______

(૪) ૨, ૩, ૬, ૧૧, ૧૮, ______, ______, ______, ______, ______

આ પ્રકરણ બાળકોને આસપાસની પૅટર્નનું નિરીક્ષણ કરવામાં અને સમજવામાં મદદરૂપ બનશે. તેમને પુનરાવર્તિત થતી પૅટર્ન કે વિકસતી પૅટર્નનાં વધુ ઉદાહરણ આપવાં જોઈએ. ખાનગી સંદેશ અને કોડના વિકાસ કરવામાં પૅટર્ન ઉપયોગી થશે. તેમના ગાણિતીક તર્કનો વિકાસ થશે ત્યારે પૅટર્નમાં વપરાતા નિયમોને તે ઓળખી શકશે. જેમકે **છોકરો, છોકરો, છોકરી** તે જ રીતે **કખગ** અથવા **↑↑↓**. ગાણિતિક પ્રક્રિયા સાથે સંબંધિત પૅટર્ન પણ તેમને આપવી જોઈએ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ખાનગી સંદેશા

અમ્રિતા અને પારિતોષ ખાનગી સંદેશા લખી રહ્યાં છે.

ઉતુંઉ ઉકઉઈઉ
ઉજઉગાઉએઉ ઉછેઉ

ઉહુંઉ ઉકેઉન્ટિઉનઉમાંઉ
ઉછુંઉ





શું તમે કહી શકશો કે તેઓ શું કહેવા માંગે છે ?
આ બંને ખાનગી સંદેશાઓ છે. પૅટર્નને ઓળખો અને છુપાયેલા વાક્યને શોધી કાઢો.

૧હું રમાઉરીજમપમ્મી ૬ને ૭ચા૮હું ૯છું.

કમખકગન ઘવચડ છપજર ઝચટડ

હવે તમે પણ તમારા ખાનગી સંદેશા બનાવી શકો છો.

________________________________

________________________________

________________________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## એકી (Odd-ઑડ) અને બેકી (Even-ઈવન) સંખ્યાઓની પૅટર્ન

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૧ | ૯૨ | ૯૩ | ૯૪ | ૯૫ | ૯૬ | ૯૭ | ૯૮ | ૯૯ | ૧૦૦ |
| ૮૧ | ૮૨ | ૮૩ | ૮૪ | ૮૫ | ૮૬ | ૮૭ | ૮૮ | ૮૯ | ૯૦ |
| ૭૧ | ૭૨ | ૭૩ | ૭૪ | ૭૫ | ૭૬ | ૭૭ | ૭૮ | ૭૯ | ૮૦ |
| ૬૧ | ૬૨ | ૬૩ | ૬૪ | ૬૫ | ૬૬ | ૬૭ | ૬૮ | ૬૯ | ૭૦ |
| ૫૧ | ૫૨ | ૫૩ | ૫૪ | ૫૫ | ૫૬ | ૫૭ | ૫૮ | ૫૯ | ૬૦ |
| ૪૧ | ૪૨ | ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ | ૪૯ | ૫૦ |
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

અડધી સંખ્યા પીળા રંગમાં છે. તેમાં તમને કઈ પૅટર્ન જોવા મળી? તેવી જ પૅટર્નને આગળ વધારો અને ખાલી ખાનાં ભરો!

૯૬, ૯૮, ______, ૧૦૨, ______, ______, ______, ______

તમે આ પૅટર્નને કેટલે સુધી આગળ વધારી શકશો?
આ સંખ્યાઓને વિશિષ્ટ નામથી ઓળખવામાં આવે છે.
તેમને **બેકી** સંખ્યાઓ (Even numbers-ઈવન નંબર્સ) કહે છે.
આ બેકી સંખ્યાઓ પૈકી કોઈ સંખ્યાનો એકમનો અંક ૩ અથવા ૫ છે?
બેકી સંખ્યાના એકમ (Ones-વન્સ) ના અંકો કયા છે?
વાદળી રંગથી રંગાયેલી સંખ્યાઓની પૅટર્ન જુઓ.
પૅટર્નને આગળ વધારો અને ખાલી ખાનાં ભરો.
૯૯, ૧૦૧, ______, ૧૦૫, ૧૦૭, ______, ______, ______
વાદળી રંગથી રંગાયેલી સંખ્યાઓના એકમના અંકો કયા છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જે સંખ્યાઓના એકમના અંક ૧, ૩, ૫, ૭ કે ૯ હોય તેવી સંખ્યાઓને **એકી** સંખ્યાઓ (Odd numbers-ઑડ નંબર્સ)કહેવાય છે.

૪૦૦ થી ૪૧૦ વચ્ચેની બધી જ એકી સંખ્યાઓ લખો.

___________________________________________

૧૫૫ થી ૧૬૫ વચ્ચેની બધી જ બેકી સંખ્યાઓ લખો.

___________________________________________

જો આપણે કોઈ પણ એકી સંખ્યામાં ૧ ઉમેરીએ, તો આપણને ____________ (એકી/બેકી) સંખ્યા મળે.

જો આપણે કોઈ પણ બેકી સંખ્યામાં ૧ ઉમેરીએ, તો આપણને ____________ (એકી/બેકી) સંખ્યા મળે.

જો તમે કોઈ એકી સંખ્યામાં બેકી સંખ્યા ઉમેરો, તો તમને કઈ સંખ્યા મળે?

## ક્રમ(Order-ઑર્ડર)માં નામ

આદિલને આ નામની યાદી ગોઠવવાની છે. તેથી સૌથી પહેલું નામ 'અ' થી શરૂ થતું હોય, તે મુજબ કક્કાવારીના ક્રમમાં આવશે. નીચે આપેલાં નામોને તે કક્કાવારીના ક્રમ મુજબ જે ક્રમમાં આવતાં હોય તે રીતે નામની સામેના ખાનામાં ક્રમ લખો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શારદા | | મહાદેવન | | તેનસિંગ | | આદિલ | | | |
| ગુરિન્દર | | ભાઈચૂંગ | | હર્ષા | | રાજા | | | |
| નારાયણ | | કવિતા | | વર્ષા | | એલ્વિસ | | જલજ | |

જલજનું નામ વિશિષ્ટ છે તેથી તે ગર્વ અનુભવે છે. જે તમે તેને ઊલટું વાંચશો તોપણ નામ તેનું તે જ રહે છે.

નીચેનામાંથી કયા નામમાં સરખી પૅટર્ન છે?
✓ ની નિશાની કરો.

હર્ષ, અન્ના, કનક, મુન્ના, જૈની

H5R7T8



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in